
# આજે મોદીને પ્રચાર સમિતિની જવાબદારી સોંપાશે

નવી દિલ્હી,તા. ૮

ગોવામાં ચાલી રહેલી ભાજપ કારોબારીની બેઠકના બીજા દિવસે પણ આજે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો મુદ્દો છવાયેલો રહ્યો હતો. પક્ષના વરિષ્ઠ નેતા એલકે અડવાણીની ગેરહાજરીથી ભાજપમાં હાલ દુવિધાભરી સ્થિતિ ઉભી થઈ ગઈ છે. પક્ષના પ્રવક્તા પ્રકાશ જાવડેકરે આજે એવો સંકેત આપ્યો હતો કે આવતીકાલે મોટો નિર્ણય લેવામાં આવશે. જાવડેકરે એવો સંકેત આપ્યો છે કે નરેન્દ્ર મોદીને આવતીકાલે ચૂંટણી પ્રચાર સમિતિના વડા તરીકેની જવાબદારી સોંપવામાં આવી શકે છે. અડવાણીની સામે નારાજગી સતત વધી રહી છે. બીજીબાજુ પ્રકાશ જાવડેકરે



એવો ખુલાસો પણ કર્યો હતો કે અડવાણીની તબિયત સારી નથી જેથી તેઓ આવતીકાલે પણ કારોબારીમાં હાજર રહેશે નહીં. જાવડેકરે લોકોને કહ્યુ છે કે આવતીકાલ સુધી વધુ રાહ જોવાની જરૂર છે કારણ કે ભાજપ આવતીકાલે કોઈ મોટી નિર્ણયની જાહેરાત કરશે. તેવી પ્રકાશ જાવડેકરની ખાતરીથી કાર્યકરોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. ભાજપ અડવાણી વગર આ લોકસભા ચૂંટણી માટે ચૂંટણી પ્રચાર સમિતિના પ્રમુખની ચૂંટણી કરશે. ભાજપના ઈતિહાસમાં પ્રથમ વખત આ નિર્ણય અડવાણીની ગેરહાજરીમાં કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કારોબારીની બેઠકમાં ભાજપનો મુખ્ય એજન્ડા ૨૦૧૪ની લોકસભા ચૂંટણી છે. કારોબારીની બેઠકને આ વખતે સૌથી વધારે મહત્વ આપવામાં આવી રહ્યુ છે કારણ કે આ વખતે આમાં લોકસભાની ચૂંટણીની રણનીતિ નક્કી કરવામાં આવી રહી છે.

## અડવાણીના નિવાસ બહાર મોદીના સમર્થકના દેખાવો

નવી દિલ્હી,તા. ૮

ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠક હાલમાં ગોવામાં ચાલી રહી છે. ભાજપના વરિષ્ઠનેતા એલકે અડવાણી છેલ્લા બે દિવસથી કારોબારીની બેઠકમાં ઉપસ્થિત થઈ રહ્યા નથી. આને લઈને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના સમર્થકોએ આજે અડવાણીના નવી દિલ્હી સ્થિત આવાસની બહાર જોરદાર દેખાવો નારાજ દેખાઈ રહ્યા છે. સામાન્ય ચૂંટણી માટે ભાજપ તરફથી વડાપ્રધાન પદના સૌથી પ્રબળ દાવેદાર તરીકે ઉભરી રહેલા મોદીને પ્રચાર સમિતિના વડા બનાવવામાં આવી શકે છે. અડવાણી અને તેમની છાવણી એવું ઈચ્છે છે કે મોદીને પ્રચાર સમિતિની જવાબદારી સોંપવી જોઈએ નહીં. અડવાણી એમ પણ ઈચ્છે છે કે બે પ્રચાર સમિતિ બનાવવામાં આવે. એક પ્રચાર સમિતિ આ વર્ષના અંતમાં યોજાનારી પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીને લઈને બનાવવામાં આવે જેનું નેતૃત્વ નરેન્દ્ર મોદી કરે જ્યારે બીજી સમિતિ સામાન્ય ચૂંટણી માટે રચવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. નારાજગી વચ્ચે અડવાણી ગોવાની બેઠકથી દૂર થયેલા છે. અડવાણી ગોવાની બેઠકમાં ન આવવાથી ભાજપના નેતાઓને ખુલાસા કરવામાં મુશ્કેલી નડી રહી છે. ભાજપના નેતાઓ એમ કહીને બચવાનો પ્રયાસ કરી રહ્યા છે કે તેમની તબિયત સારી નથી. જો કે જાણકાર લોકોનું કહેવું છે



કે નરેન્દ્ર મોદીને ચૂંટણી પ્રચાર સમિતિના વડા બનાવવાના મામલે અડવાણી ખૂબજ નારાજ દેખાઈ રહ્યા છે જેથી તેઓ કારોબારીમાં હાજર રહી રહ્યા નથી. ભાજપમાં બે છાવણી હાલમાં સક્રિય થયેલી છે જે પૈકી એક છાવણી નરેન્દ્ર મોદીની તરફેણમાં છે જ્યારે પક્ષના કેટલાક વરિષ્ઠનેતા નરેન્દ્ર મોદીનો વિરોધ કરી રહ્યા છે. નરેન્દ્ર મોદી જિંદાબાદ, વડાપ્રધાન તરીકે મોદીને લાવો તેવા બેનર સાથે મોદીના સમર્થકોએ અડવાણીના આવાસની બહાર જોરદાર દેખાવો કર્યા હતા. અડવાણીને બાજુમાં લઈ જઈને નરેન્દ્ર મોદીને વધારે મોટી ભૂમિકા આપવાની માંગ સમર્થકો દ્વારા કરાઈ હતી. દેખાવકાર પૈકીના એકે કહ્યુ હતુ કે અડવાણી મોદીને મોટી જવાબદારી સોંપવા મંજુરી આપે તેમ અમે ઈચ્છીએ છીએ. અડવાણીએ એવી જાહેરાત કરવી જોઈએ કે મોદી વડાપ્રધાન પદના માટે ઉમેદવાર રહેશે.

## ટૂંક સમયમાં જ ટુ-વ્હીલર એમ્બ્યુલન્સ માર્ગો ઉપર

નવી દિલ્હી, તા.૮

ટૂંક સમયમાં જ રસ્તા ઉપર ટુ-વ્હીલર એમ્બ્યુલન્સ જોવા મળશે તો નવાઈ નહી. વધી રહેલી ટ્રાફીક સમસ્યા, સાંકડા રસ્તાના પગલે પ્રાથમિક સુવિધા પુરી પાડતી એમ્બ્યુલન્સ સમયસર પહોંચી શકતી નથી તેના અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા ટુ-વ્હીલર એમ્બ્યુલન્સ લાવવાનો નિર્ણય કરાયો છે. આ ટુ-વ્હીલર એમ્બ્યુલન્સ અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા અને સ્વીડનમાં સફળ રહી છે. આ પ્રકારની એમ્બ્યુલન્સમાં દર્દીને પ્રાથમિક સારવાર પૂરી પાડવામાં આવે છે. પરંતુ તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવતો નથી. હાલમાં જ કેન્દ્ર સરકાર દ્વારા ચાર પ્રકારની એમ્બ્યુલન્સની જોગવાઈ કરાય છે. જેના અંતર્ગત નિર્ણય લેવાયો છે કે એમ્બ્યુલન્સમાં જરૂરી શસ્ત્રસરંજામ અને તાલીમ પામેલ કર્મચારી કે જેઓ દર્દીની હોસ્પિટલ પહોંચાડવા સુધીમાં કાળજી લઈ શકે. ઉપરાંત સીએમવીઆર-ટીએસસીએ ધ નેશનલ એમ્બ્યુલન્સ કોડ હેઠળ ભલામણ કરી છે કે એમ્બ્યુલન્સ સફેદ રંગની અને એકદમ મજબૂત દશે, તેના અંદરનું ઈન્ટરીયર દર્દીને ધ્યાનમાં લઈ બનાવાશે. તેમજ એમ્બ્યુલન્સમાં જીવલેણ વાયરસ કે બેક્ટેરીયા પ્રવેશી ના શકે તે પ્રમાણે તૈયાર કરાશે. સાથે જ તેમાં ઓક્સિજન મળી રહે તેનું સ્ટેટસ દર્શાવતું ડીજીટલ ડિસ્પેલ મુકવામાં આવશે. ચાર પ્રકારની એમ્બ્યુલન્સની જોગવાઈ કરવામાં આવી છે. પહેલામાં દર્દીને સાથેનો સંપર્ક સાધવાનો પ્રયાસ કરાશે, બીજા પ્રકારમાં દર્દીને હોસ્પિટલમાં ખસેડવામાં આવશે, ત્રીજા પ્રકારની સામાન્ય બિમારી માટેના દર્દી અને ચોથા પ્રકારમાં ઈમરજન્સીના દર્દી માટેની હશે. આ કોડ હેઠળ આ પ્રકારની એમ્બ્યુલન્સ નિયમિતતાની ગેરંટી આપશે. અગાઉ આ પ્રકારની સુવિધા કોઈપણ સંસ્થા કે ઉધ્યોગો દ્વારા પૂરી પડાય નથી.

અત્યાર સુધીની એમ્બ્યુલન્સની અંદર સ્ટોરેજ સિસ્ટમ, વેન્ટીલેટર, ઈમરજન્સી જેવી સુવિધા પ્રાપ્ત નહોતી. આ ટુ-વ્હીલર એમ્બ્યુલન્સની ડિઝાઈન ફક્ત સામાન્ય બિમારી ધરાવતા દર્દી માટે તૈયાર કરી છે. જેમાં દર્દી બીપી ચેક કરાવી શકશે, એક્સ-રે માટે જઈ શકશે વગેરે... પ્રથમ બે પ્રકારની એમ્બ્યુલન્સ સામાન્ય બિમારી ધરાવતા દર્દી માટે તૈયાર કરાય છે.

## ન્યૂઝીલેન્ડ અને શ્રીલંકા વચ્ચે આજે રોમાંચક જંગ ખેલાશે

કાર્ડિફ,તા. ૮

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની ત્રીજી મેચમાં આવતીકાલે શ્રીલંકા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રોમાંચક જંગ ખેલાશે. ન્યૂઝીલેન્ડ અને શ્રીલંકા બંને એક-એક વખત આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી જીતી ચૂક્યા છે જેથી બંને ટીમો સારી શરૂઆત કરવા ઈચ્છુક છે. બ્રેડન મેક્કુલનના નેતૃત્વમાં ન્યૂઝીલેન્ડની ટીમ મેદાનમાં ઉતરી રહી છે. મુક્કુલન પોતે આક્રમકે બેટ્સમેન છે. આ ટીમમાં ઘણા કુશળ બેટ્સમેનો છે જેમાં ગ્રાન્ડ ઈલીયોટ, માર્ટિન ગુપ્ટીન, જેમ્સ ફ્રેન્કલીન, કાયલે નીલ્સ, રોસ ટેલરનો સમાવેશ થાય છે. તાજેતરમાં વિશ્વના શ્રેષ્ઠ બેટ્સમેન પૈકી એક બેટ્સમેન તરીકે રોશ ટેલરની ગણતરી કરવામાં આવે છે. આ તમામ બેટ્સમેનો ઉપરાંત ડેનીયલ વિટોરી જેવો સ્પેશિયાલિસ્ટ વન-ડે ઓલરાઉન્ડર છે જે બેટીંગ અને બોલિંગ બંનેમાં ઉપયોગી સાબિત થઈ શકે છે.

બીજી બાજુ શ્રીલંકન ટીમ પણ સંપૂર્ણ તાકા સાથે મેદાનમાં ઉતરવા જઈ રહી છે. એન્જેલો મેથ્યુસના નેતૃત્વમાં આ ટીમમાં તિલકરત્ન દિલશાન, મહિલા જયવર્ધને, કુલા શેખલા, લાસિંગ મલિંગા, થિસારા પરેરા, કુમાર સંગાકારાનો સમાવેશ થાય છે. સંગાકારા અને જયવર્ધને ખૂબ સારા ફોર્મમાં છે. આ ઉપરાંત માલિંગા ઉપર મુખ્ય આધાર રહેશે. માલિંગાએ હાલમાં જ આઈપીએલમાં શાનદાર દેખાવ કરીને ફાઈનલ મેચમાં પોતાની ટીમ મુંબઈને જીત અપાવવામાં ભૂમિકા ભજવી હતી. બંને ટીમો નીચે મુજબ છે.

શ્રીલંકા ટીમ : મેથ્યુસ (કેપ્ટન), ચાંદીમલ, દિલહારા, દિલશાન, ઈરાંગા, હેરાક, જયવર્ધને, કુરા શેખરા, માલિંગા, મેન્ડીસ, પરેરા, કુશાલ પરેરા, શેના નાઈકે, સંગાકારા, થીરીમાને, વાલે ગેધરા

ન્યૂઝીલેન્ડ ટીમ : મેક્કુલમ (કેપ્ટન), બ્રેસવેલ, બટલનર, ઈલિયોત, ફ્રેન્કલીન, ગુપ્ટીલ, મેકલાઘન, નાથન મેક્કુલમ, મિલ્સ, મુનરો, સાઉથી, રોન્ચી, ટેલર, વિટોરી, બોલ્ટ, વિલિયમ્સન, ઈલીશ

## શંકાના આધાર પર રાજની ધરપકડ નહીં કરાય : કુમાર

નવી દિલ્હી,તા. ૮

રાજસ્થાન રોયલન્સના સહ માલિક રાજકુન્દ્રાને હાલ પૂરતી રાહત મળી ગઈ છે. કારણ કે શંકાના આધાર ઉપર રાજકુન્દ્રાની ધરપકડ ન કરવાની પોલીસને સૂચના આપી છે. દિલ્હી પોલીસ કમીશનર નિરજકુમારે કહ્યું છે કે રાજકુન્દ્રાની ધરપકડ કરવા માટે નક્કર પુરાવાની જરૂર છે અને આ પુરાવા હજુ સુધી હાથ લાગ્યા નથી. નિરજકુમારનો ટાંકીનો મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે રાજકુન્દ્રા સામે અમારી પાસે કોઈપણ નક્કર પુરાવા નથી. બીજી બાજુ રાજકુન્દ્રાએ દાવો કર્યો છે કે તે બિલકુલ નિર્દોષ છે. જો તેની સામે તે બાબત પુરવાર થશે તો ચોક્કસપણે પોલીસને સહકાર આપવા તૈયાર છે. રાજે કહ્યું હતું કે તે એવો પુર્નોચ્ચાર કરવા માગે છે કે તે બિલકુલ નિર્દોષ છે અને સાથે સાથે રાજસ્થાન રોયલ્સની અંદર શું



ખોટું થયું છે તે જાણવા માટે પણ ઈચ્છુક છે. જો કોઈ બાબત તેની સામે જાણવા મળશે તો તે પોલીસને માહિતી આપશે. કુન્દ્રા અને તેની પત્ની શિલ્પા શેટ્ટી રાજસ્થાન રોયલ્સમાં ૧૧.૭ ટકા હિસ્સેદારી ધરાવે છે. કુકી ઈન્વેસ્ટમેન્ટ મારફતે ૧૧.૭ ટકા હિસ્સેદારી ધરાવે છે. સુરેશ ચેલારામ અને પરિવારના સભ્યોની ૪૪.૨ ટકાની હિસ્સેદારી છે જ્યારે મનોજ બદાલની ૩૨.૪ ટકા હિસ્સેદારી છે. સ્પોટ ફિક્સિંગના મામલામાં રાજસ્થાન રોયલ્સના ત્રણ ખેલાડીઓ ઝડપાઈ ગયા બાદથી સમગ્ર મામલામાં ઊડી તપાસ ચાલી રહી છે. ઘણા બુકીઓ પણ ઝડપાઈ ચૂક્યા છે. બોલિવૂડના અભિનેતા વિન્દુ દારાસિંહની પણ ધરપકડ કરવામાં આવી છે. વિન્દુએ અનેકના નામ આપ્યા છે જેથી તકલીફ વધી ગઈ છે. ચેન્નાઈ સુપર કિંગ્સના વડા ગુરુનાથ મેયપ્પનની પણ ધરપકડ કરવામાં આવી ચૂકી છે. મેયપ્પન ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના વડા રહી ચૂકેલા શ્રીનિવાસનના જમાઈ છે. મેયપ્પન ઉપરાંત શ્રીનિવાસનને પણ તકલીફ થઈ હતી અને બોર્ડના વડા તરીકે રાજીનામું આપવાની ફરજ પડી હતી. શ્રીનિવાસન હાલ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી હોદ્દાથી દૂર છે.

## ચીનમાં બસમાં આગ લાગવાથી ૪૨ ભડથું

બેજીંગ,તા. ૮

ચીનના દક્ષિણ પૂર્વીય વિસ્તારમાં એક યાત્રી બસમાં આગ ફાટી નીકળતાં ઓછામાં ઓછા ૪૨ લોકોના મોત થઈ ગયા છે અને અન્ય ૩૩ લોકો ઘાયલ થઈ ગયા છે. આ ઘટના ફુજૈન પ્રાંતની હોવાનું જાણવા મળ્યું છે. ઝિયામેન શહેરમાં એક બીઆરટી બસમાં ભારતીય સમય મુજબ ગઈકાલે સાંજે ૫ વાગે આગ ફાટી નીકળી હતી. અહેવાલમાં જણાવવામાં આવી ચૂક્યું છે કે આ બનાવમાં અન્ય ૩૩ લોકો ઘાયલ થઈ ગયા છે.

ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે જેથી મોતનો આંકડો વધી શકે છે. ગેસોલીનના કારણે આ બનાવ બન્યો હોવાનું જાણવા મળ્યું છે. આગનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી પરંતુ તેની રીતે પોલીસ દ્વારા તપાસ હાથ ધરાઈ છે.

## નવાઝ શરીફના શપથ બાદ પાક.માં પ્રથમ ડ્રોન હુમલો

મિરાનશાહ,તા. ૮

પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફના શપથ બાદ પણ અમેરિકાએ તેના ડ્રોન હુમલાઓનો મારો જારી રાખ્યો છે. નવેસરના હુમલામાં સાત ત્રાસવાદીઓના મોત થયા હોવાના અહેવાલ મળ્યા છે. નવાઝ શરીફે હાલમાં જ પાકિસ્તાનના કેટલાક વિસ્તારોમાં કરવામાં આવી રહેલા ડ્રોન હુમલાઓનો જોરદાર વિરોધ કર્યો હતો અને સાથે સાથે આવા હુમલાનો બંધ કરવા માટે અમેરિકાને અપીલ પણ કરી હતી. પરંતુ અમેરિકાએ આની નોંધ લીધા વગર હુમલાઓ જારી રાખ્યા છે. અમેરિકાના નવા ડ્રોન હુમલા બાદ પાકિસ્તાન સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે. જાણકાર સુત્રોએ કહ્યું છે કે આ મિસાલિ ઉત્તરીય વજિરિસ્તાનના મુખ્ય આદિવાસી શહેર મિરાનશાહથી ૧૦૦ કિલોમીટર દક્ષિણપશ્ચિમ વિસ્તારમાં પડી હતી. ઉત્તરીય વજિરિસ્તાનને તાલિબાન અને અલ કાયદા સાથે સંબંધિત આતંકવાદીઓના મોટા ગઢ તરીકે ગણવામાં આવે છે. ડ્રોન મારફતે બે મિસાઈલ ઝીંકવામાં આવી હતી. ત્રાસવાદી સંકુલમાં આ મિસાઈલ પડી હતી. વરિષ્ઠ સુરક્ષા અધિકારીએ કહ્યું છે કે આ બનાવમાં સાત ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. અન્ય એક અધિકારીએ કહ્યું હતું કે હુમલો કરવામાં આવ્યો છે અને આમાં ખુવારી પણ થઈ છે. જો કે આ અધિકારીએ કેટલા લોકોના મોત થયા છે તે અંગે વધારે માહિતી મળી નથી. પાકિસ્તાનમાં ઐતિહાસિક ત્રીજી વખત વડાપ્રધાન તરીકે નવાઝ શરીફના શપથના બે દિવસ બાદ આ હુમલો કરવામાં આવ્યો છે. શરીફે હાલમાં જ ત્રાસવાદીઓ સામે ડ્રોન હુમલાઓ બંધ કરવા અમેરિકી વહીવટીતંત્રને અપીલ કરી હતી. નવાઝ શરીફે ડ્રોન હુમલામાં માર્યા ગયેલા તાલિબાની ડેપ્યુટી લીડર વાલિઉર રહેમાનના મોત અંગે જાહેરમાં નિવેદન કરીને અમેરિકાની ટિકા કરી હતી. પાકિસ્તાનમાં ડ્રોન હુમલાનો વ્યાપક વિરોધ થઈ રહ્યો છે પરંતુ અમેરિકાએ કહ્યું ચે કે તાલિબાન અને અલ કાયદાના ત્રાસવાદીઓ સામે આ પ્રકારના હુમલા કરવામાં આવી રહ્યા છે.

## ભારતમાં ચાર પૈકી એક કર્મી નોકરી બદલવા માટે તૈયાર છે

નવી દિલ્હી,તા. ૮

રોજગાર બજારમાં તેજી આવવાના સંકેત દેખાઈ રહ્યા છે પરંતુ સાથે સાથે હાલમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ સર્વેમાં જાણવા મળ્યુ છે કે ભારતમાં દરેક ચોથો કર્મચારી નોકરી બદલવા માટે ઉતાવળીયો રહે છે. નોકરી બદલવા માટે ઉત્સુક કર્મચારીઓના મામલામાં ભારત સૌથી ઉપર છે. દેશમાં દરેક ચાર પૈકી એક કર્મચારી નોકરી બદલવા માટે તૈયાર છે. વૈશ્વિક માનવ સંશાધન અને વહીવટી સલાહકાર કંપની હે ગ્રુપ દ્વારા કરવામાં આવેલા સર્વેમાં જાણવા મળ્યુ છે કે વેતન પેકેજને લઈને અસંતોષ તથા કેરિયરના હેતુથી ભારતીય કર્મચારી નોકરી બદલવાની ઈચ્છા રાખે છે. હે ગ્રુપ સેન્ટરે સેન્ટર ફોર ઈકોનોમિક્સ એન્ડ બિઝનેસ રિસર્ચની સાથે મળીને આ સર્વે કર્યુ છે. આમાં એવી બાબત ઉભરીને આવી છે કે આગામી પાંચ વર્ષમાં ૨૦૧૨ની સરખામણીમાં વૈશ્વિક સ્તરે ૪.૯ કરોડ કર્મચારી કંપની બદલશે. આર્થિક અને શ્રમ બજારમાં સુધારાના પરિણામ સ્વરૂપે કર્મચારી નોકરી બદલી રહ્યા છે. સર્વેમાં એમ પણ જાણવા મળ્યુ છે કે એશિયા પ્રશાંત ક્ષેત્રમાં આ વર્ષે સૌથી વધુ કર્મચારી નોકરી બદલશે. આ ક્ષેત્રમાં કર્મચારીનો નોકરી બદલવાનો દર સૌથી વધારે રહેશે. ભારતમાં વર્ષ ૨૦૧૩માં સંગઠિત ક્ષેત્રમાં કર્મચારીઓના નોકરી બદલવાનો દર ૨૬.૯ ટકા રહેવાનો અંદાજ છે જે વૈશ્વિક સ્તરે નોકરી બદલવાનો સૌથી ઉંચો દર છે. વર્ષ ૨૦૧૪માં આ દર વધીને ૨૭.૫ ટકા સુધી પહોંચી શકે છે. હે ગ્રુપ ઈન્ડિયામાં લિડરશીપ એન્ડ ટેલેન્ટ પ્રેક્ટિસ લિડર મોહનિસ સિંહાએ કહ્યુ છે કે કર્મચારીઓના નોકરી બદલવાના વલણને બદલી શકાશે નહીં. આશરે ૫૫ ટકા જેટલા કર્મચારી પોતાના પગાલને લઈને સંતુષ્ઠ નથી. બીજા ૩૭ ટકા લોકો કેરિયરના હેતુને લઈને સંતુષ્ઠ નથી.

## સમાચાર ઝલક

- આજે શનિજયંતિ શનિવાર અમાસના દિવસે ઉમંગભેર લોકોએ ઉજવી.
- અડવાણીના નિવાસ સ્થાને દેખાવો, નાદુરસ્ત તબિયતથી કાર્યક્રમ રદ્દ.
- સોમવારથી રાજકોટમાં પરિવર્તન પાર્ટી આંદોલન કરશે.
- ચંદીગઢમાં ખાખી વર્દી પર હુમલો.
- મુંબઇમાં ભારે વરસાદ, બે વ્યક્તિઓનાં મોત, પુનામાં ૫૦ ગાડીઓ ફસાઇ.
- અમરનાથ યાત્રા માટે હેલ્પલાઇન આજથી શરૂ.
- કેલિફોર્નિયામાં ગોળીબાર ૭નાં મોત.
- તુર્કીમાં વડાપ્રધાન સામે ભારે આક્રોશ અને દેખાવો.
- ધોની દિવસમાં ૫૦ લાખ રૂપિયા કમાય છે.
- કાશ્મીર સરહદે પાકિસ્તાની ગોળીબાર, ભારતીય જવાન શહિદ.
- ઉંમરગામમાં ધોળા દિવસે જવેલર્સની દુકાનમાં ૭ લૂંટારૂંઓએ લૂંટ ચલાવી.
- ઇડરનાં સુદાસપુર ગામમાં તંગદિલી, વૃદ્ધનું મોત થવાથી રોષ.
- અમદાવાદની અંકિતા ચૌહાણનો ટેબલ ટેનિસમાં ફાઇનલમાં પ્રવેશ.
- વડોદરામાં વિશ્વામિત્ર નદીમાંથી મગર રસ્તા પર આવી જતાં લોકોમાં ગભરાટ.
- શિલ્પા શેટ્ટીએ જન્મદિવસ આનંદ ઉલ્લાસથી ઉજવ્યો.
- સૌરાષ્ટ્ર/દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાની પધરામણી, કેરીના પાકને ભારે નુકશાન.
- દક્ષિણ આફ્રિકાના નેતા નેલ્સન મંડેલાની તબિયત બગડી.
- મહારાષ્ટ્રમાં શરદ પવારના જૂથના પ્રધાનોએ શરદ પવારને રાજીનામા આપ્યા.

## અમેરિકામાં ફરી ગોળીબાર થતાં છ લોકોના થયેલા મોત

વોશિંગ્ટન,તા. ૮

અમેરિકાના દક્ષિણી કેલિફોર્નિયામાં એક બંદૂકધારીએ ફરી આતંક મચાવી છ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ સમગ્ર મામલામાં ઊડી તપાસ હાથ ધરવામાં આવી છે. આ બંદૂકધારીને ત્યારબાદ પોલીસે કાર્યવાહી હાથ ધરીને ઠાર મારી દીધો હતો. જે જગ્યા ઉપર આ બનાવ બન્યો હતો ત્યાંથી આશરે થોડાક અંતર ઉપર અમેરિકી પ્રમુખ બરાક ઓબામાની એક ઓફિસ પણ આવેલી છે. સેન્ટા મોનિકા પોલીસના વડા જેકલીન સીબ્રુક્સનું કહેવું છે કે આ ખતરનાક શખસ ૨૫થી ૩૦ વર્ષનો હોવાનું જાણવા મળ્યું છે. આ શખસે કાળા વસ્ત્રો પહેરેલા હતા. આ સંબંધમાં એક શખસની ધરપકડ પણ કરવામાં આવી છે. સીબ્રુકસે પત્રકાર પરિષદમાં આ અંગેની માહિતી આપવા કહ્યું છે. બંદૂકધારી એકલો હતો કે કેમ તે અંગે હજુ સુધી માહિતી મળી શકી નથી. સ્થાનિક મીડિયામાં પ્રકાશિત અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે તમામ ભોગ બનેલા લોકોના મોત થઈ ચૂક્યા છે. કુલ છ લોકોને ઈજાની હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તમામ મહિલાઓ હોવાનું જાણવા મળ્યું છે. સીબ્રુક્સનું કહેવું છે કે સમગ્ર શહેરમાં ઓછામાં ઓછી છ ઘટનાઓ બની હતી. સેન્ટામોનિકા કોલેજ સંકુલમાં એક સાક્ષીએ માહિતી આપતા કહ્યું છે કે બંદૂકધારીએ અંધાધૂધી ગોળીબાર કર્યો હતો. બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ઓપરેશન હાથ ધર્યું હતું.

## અણ્ણા હજારે ૨૩મીથી ઉત્તરપ્રદેશની મુલાકાતે

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારે ૨૩મી જૂનના દિવસે તેમની જનતંત્ર યાત્રાનો ચોથો તબક્કો શરૂ કરશે. અણ્ણાના નજીકના સાથી રામધીરજે આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ કે દેશને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવાના હેતુસર યુવાનો અને ખેડૂતોને સંગઠિત કરવાના ઉદ્દેશ્યથી આ યાત્રા શરૂ થશે. તેમની યાત્રા ઉત્તરપ્રદેશથી શરૂ કરાશે. પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તરાખંડમાં પ્રવાસ કર્યા બાદ તેમની ટીમ હવે ઉત્તર પ્રદેશ પહોંચશે. યાત્રાના ચોથા તબક્કામાં બરેલી, ફરુકાબાદ, આજમગઢ, મઉ, ગાજીપુર, વારાણસી, જોનપુરના વિસ્તારમાં ફરશે. ચોથી જુલાઈના દિવસે જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યુ છે.

## ત્રિશલાને ઈન્ડિયા આવવાની પિતા સંજય દત્તે ના પાડી હતી

ન્યુયોર્ક,તા.૮

બોલીવુડના લોકપ્રિય અભિનેતા સંજય દત્ત જેલમાં ગયા બાદ ઘણાં લાંબા સમય પછી તેની મોટી પુત્રી ત્રિશલાએ મૌન તોડ્યું છે. ત્રિશલાએ મિડિયાનાં તમામ સવાલોનાં જવાબો પોતાના બ્લોગમાં આપ્યા છે. સંજય દત્ત જ્યારે જેલમાં જતો હતો ત્યારે ત્રિશલા કે તેના તરફથી કોઈપણ પ્રકારની ટિપ્પણી સંજય માટે મિડિયામાં સાંભળવા મળી ન હતી. બધાને આશ્ચર્ય થતું હતું કે આટલી મોટી ઘટના હોવા છતાં ત્રિશલા કેમ ખામોશ છે ?

ત્રિશલાએ ઘણાં લાંબા સમયથી મિડિયા સાથે અંતર જાળવી રાખ્યું હતું. સંજય દત્તે કોર્ટમાં સરેન્ડર કરી દીધુ ત્યારે પણ ત્રિશલા મુંબઈમાં ન હતી.

ત્રિશલાએ પોતાના બ્લોગમાં જણાવ્યું છે કે હું જાણું છું કે છેલ્લાં કેટલાય સમયથી મારા પિતા પર શું શું વિત્યું છે ? તેની તમામ માહિતી મને છે. હું મારા પિતાને અત્યંત ચાહુ છું, મારા માટે તે સર્વસ્વ છે. પરંતુ આટલો લાંબો સમય ખામોશ રહેવાને કારણે મિડિયા ઉંધા સીધા અર્થ તારવે છે. પરંતુ એક સામાન્ય વાત મિડિયા પરસનનાં મગજમાં કેમ આવતી નથી કે શક્ય છે કે મારા પિતાએ મને મુંબઇ આવવા માટે મને ના પાડી હોય. મારા પિતાની લાચારીભરી પરિસ્થિતિ હું જોવું તેવું તેઓ ઈચ્છતા ન હતા. મારા પિતાએ સરેન્ડર કર્યું તે જ સમયે હજારો મિડિયાના કેમેરા અમારા પરિવાર પર ક્લિક થતાં હતાં. મારા પિતાની રજેરજની માહિતી મિડિયામાં પ્રસારીત થતી હતી. તે બધી બાબતોથી મારા પરિવાર પર શું વિત્યું છે તે અમેજ જાણીએ છીએ. હું છેલ્લી વાર ૨૦૦૭માં મુંબઇ આવી હતી. તે સમયે પણ મારી અને માન્યતા વચ્ચે મિડિયામાં ઘણી વાતો ચર્ચાઇ હતી.

હાલ મારો પરિવાર અત્યંત ખરાબ સમયથી પસાર થઈ રહ્યો છે. હવે હું અને મારો પરિવાર ફરીથી મિડિયાનું નિશાન બનવા માંગતા નથી.